નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હું ઇચ્છું છું છતાં એવી, નિરાશા થઈ શકતી નથી ,
મિલન તારૂં અસંભવ છે, એ શ્રધ્ધા થઈ શકતી નથી !
- મરીઝ

પાથેય

- રમેશ ઠક્કર

કલમનાં કણસલાં

લખવા માટેનો ઉત્તમ માહોલ કયો હોઈ શકે ? એવું કોઈ પુછે તો એટલું જ કહી શકાય કે જયારે તમને લખવાની મજા પડે એ સમય ઉત્તમ..આ પરિસ્થિતિ દરેક લખનાર માટે અલગ અલગ હોઈ શકે..હું વ્યવસાયિક લેખક નથી..નિજાનંદથી લખું છું... એના ફાયદા છે એમ ગેરફાયદા પણ છે... કેટલીક વખત ફરજિયાત કરવું પડતું કામ તમને એક શિસ્ત આપે છે... કલા ખાતર કલાનો પણ એક અલગ જોસ્સો હોય છે...

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે લખવા માટે એકાંત જોઈએ,નિરાંત જોઈએ..મુડ હોવો જોઈએ..પણ હંમેશાં એવું હોતું નથી..ચંદ્રકાંત બક્ષી કહેતા કે 'લખવા માટે મારે કોઈ સગવડની જરૂર પડતી નથી..હું ઘોંઘાટ વચ્ચે પણ એકાગ્રતાથી લખી શકું છું..મારી શરૂઆતની તમામ નવલકથાઓ અને વાર્તાઓ મારી કલકતાની રેડીમેડ કપડાંની દુકાનના કાઉન્ટર ઉપર લખાયેલી છે..લખવાની મારી સ્ટાઈલ ખુની જે રીતે ખુન કરે એ પ્રકારની છે...!'

દિલિપ રાણપુરાને હું મળતો ત્યારે મેં એમને આ બાબતે પૂછેલું કે તમને સતત લખતા કોણ રાખે છે ? તો એમણે મજાકમાં કહેલું 'જે લોકો મારી મજાક કરે છે..મને લખતાં કઈ રીતે આવડે એવી ઈર્ષ્યા કરે છે..એમને ખોટા પાડવા હું સતત લખું છું..' બાય ધ વે રાણપુરા સાહેબના અક્ષરો અને નાનકડા ગામના શિક્ષક તરીકે એમને જોતા નજીકના લોકોને એ લેખક હોય એનું આશ્ચર્ય લાગતું...

વિનેશ અંતાણી કોઈ નવલકથા પુરી કરે એટલે એમને એવું લાગે કે હવે આપણે સાવ નિચોવાઈ ગયા...હવે જાણે અંદર કશું જ રહ્યું નથી કહેવા માટે..પણ વળી થોડોક સમય થાય એટલે અંદર પાછો એક પિંડ રચાતો જાય લેખન માટે અને વ્યકત થવા મન થયા કરે..હમણાં દેવશંકર મહેતાની નવલકથાઓમાંથી ફરી પસાર થયો..એમણે શરૂઆત સરસ કરી હતી. પછી કોઈ વિવેચકે એમના લેખન વિશે બહુ આકરી આલોચના કરી..ગામડામાં રહેતા આ લેખકને એથી ખુબ લાગી આવ્યું..અને એમણે વર્ષો સુધી લખવાનું બંધ કરી દીધું...આખરે એમના સાઢુભાઈ અને દરિયાઈ નવલકથાઓના જબરજસ્ત સર્જક ગુણવંતરાય આચાર્યએ એમને ઢંઢોળ્યા અને પછી એમની કલમ સડસડાટ ચાલી...અને એમણે લોકપ્રિય નવલકથાઓથી આપણને ન્યાલ કરી દીધા...

લેખનનો પ્રસવ કોઈ પરિસ્થિતિનો મોહતાજ નથી હોતો..તમારું સંવેદન કેટલું તીવ્ર છે એના ઉપર પણ આધાર હોય છે..પ્રિયકાંત પરીખ સતત ધારાવાહિક નવલકથાઓ લખતા. એનાં શિર્ષક અને પાત્રોનાં નામોમાં ગજબ વૈવિધ્ય એ લાવતા...એક કથા પુરી થાય ત્યાં તુરત જ એમની આગામી ધારાવાહિકની જાહેરાત થાય..એ મળે ત્યારે બિલકુલ હળવા લાગે..લાગે નહીં કે આટલા વ્યસ્ત લેખક હશે..એકવાર મેં એમને આ બાબતે પુછી જ નાખેલું ત્યારે એમણે ખુબ જ નમ્રભાવે કહેલું કે મારે માટે પ્રેરણા નહીં પણ મારા લાખો વાચકોની તાલાવેલી એ મહત્વનું પરિબળ છે..! લોકપ્રિય લેખક માટે ભાવનાઓ કરતાં સંભાવનાઓ અનેરી બાબત હોય છે...

જે લોકો ફુલટાઈમ માત્ર લેખન જ કરે છે એમના માટે મને ગજબ વિસ્મય ભાવ છે..જે લોકો અત્યંત વ્યસ્ત હોય છે એવા લોકો એમના લેખનશોખને કઈ રીતે જીવંત રાખતા હશે ? એ વાતનું પણ મને ભારોભાર અચરજ છે..હમણાં મુનશીની 'પૃથ્વી વલ્લભ 'નવલકથા વાંચી એ લખવા કેટકેટલા સંદર્ભગ્રંથો એમણે વાંચ્યા છે એની યાદી જોઈ અવાક થઈ જવાય...'ભગ્ન પાદુકા' તો હૈદરાબાદ ના ખુનખાર અને મહત્વના કામ દરમિયાન એમણે શરૂ કરેલી નવલકથા..આટઆટલાં જાહેર પદોની પળોજણ વચ્ચે પણ એ આટલું મબલખ લખી શકે એ એક ચમત્કારથી કમ નથી...

ભુખ ન જાણે ટાઢો ભાત નીંદ ન જાણે ટૂટી ખાટ..એવો ઘાટ સર્જક માટે સહજ હોય છે..!પણ આ તો થઈ મોટા અને નિવડેલા સર્જકોની વાત..એ વિસ્મયને હું મારા સુધી અમસ્તા જ વિસ્તારું છું..લખવું એ મારા માટે જરૂરિયાત છે..એક અતૃપ્તિ છે. અભાવ છે. ઉત્કંઠા છે.. જેમ પાણીનો સોસ પડે એમ કદીક લખવાનો પણ સોસ પણ પડતો હોય છે..એટલે ટપકાવું છું કલમને..ટેરવાંને..એ સળવળે છે..ફિનિક્સ પંખીની માફક.. મારી જ વ્યસ્તતા કે મારી જ બોઝિલ પળોના ઢગમાંથી તરફડીને..!

મને ડાયરી લખવાનો કે સતત કશુંક ટપકાવ્યે રાખવાનો શોખ છે, મહાવરો છે.પણ ઘણીવાર કામના ભારણને ઉલેચતાં શબ્દ વૈભવ ગાયબ થઈ ગયાનો એહસાસ થઈ જતો હોય છે. એ વખતે થોડીક નિરાશા ઘેરી વળે. પણ ત્યાં તો કોઈ ખૂણામાં લપાયેલા બાળકની જેમ 'હાઉક'કરતો એ ડોકાઈ જાય..અને બસ આપણે તો એટલામાં જ રાજી રાજી.....!

વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું છે

તંત્રીસ્થાનેથી...

વિસ્તારવાદી અને વિશ્વસત્તા બનવાની હોડમાં અમેરિકાની લગોલગ પહોંચી ગયેલા પાડોશી રાષ્ટ્ર સાથે ભારત સુમેળ જ ઈચ્છતું રહ્યું છે પરંતુ એના લાલચુ ચહેરા પર એ મૈત્રીભાવ ઊપસ્યો નથી. પંડિત નહેરુ તો કલ્પનાશીલ નેતા હતા. સાચા અર્થમાં તેઓ ભારતને વિશ્વશાંતિના અગ્રદૂત તરીકે સ્થાપવા કૃતસંકલ્પ હતા. એમને કે એમના તંત્રને ત્યારે સ્વપ્ને પણ કલ્પના નહોતી કે 'પંચશીલ' કરાર પર સહી કરનાર અને હસતું મોઢું રાખી 'હિંદી-ચીની ભાઈ ભાઈ' ના નારા બુલંદ કરનાર કપટી ડ્રેગન પીઠ પાછળ ઘા કરશે. ૧૯૬૨માં ભારત ઊંઘતું ઝડપાઈ ગયું હતું. હિમાલય સળગી ઊઠ્યો હતો. ઊંચાઈ પર રહેલા ચીની સૈન્યે ગાજરમૂળાની જેમ ભારતીય સેનાનો ખુરદો બોલાવી દીધો હતો. નહેરુના પરમ મિત્ર અને તત્કાલીન વિશ્વનેતા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કેનેડીએ મદદ મોકલી ન હોત તો અત્યારે ચીનના કબજામાં છે એથી ઘણી વધારે ભારતીય ભૂમિ પર એણે અધિગ્રહણ કરી લીધું હોત. મોકમોહન રેખા એક અંગ્રેજે દોરેલી કાલ્પનિક સરહદ છે. જેનું ચીન પોતાની રીતે અર્થઘટન કરતું રહ્યું છે. ચીની ભાષાનાં ગામનામ અને નદી પર્વતોની ઓળખ પણ એના હકદાવાનું સમર્થન કરતા રહ્યાં છે. એક સમયે બે એશિયન રાષ્ટ્રો વચ્ચે 'બફર સ્ટેટ'ની ભૂમિકા બજવતા તિબેટ જેવા વિશાળ તટસ્થ દેશને તો ચીને કોળિયે જ કરી લીધો અને તિબેટના ધર્મગુરુ દલાઈલામાને રાત માથે લઈ જીવ બચાવવા ભારતમાં ભાગી આવવું પડ્યું. સામ્યવાદી ચીને તિબેટ પર જુલમની ઝડી વરસાવી દીધી પણ બાકીની દુનિયા બહેરા કાને અને એ ગરીબડી પ્રજાનું આકંદ સાંભળતી રહી છે. ચીનની સામ્યવાદી શાસન પદ્ધતિને ભારતીય રાજકારણ ઉપરાંત પાડોશી તત્કાલીન 'હિંદુ રાષ્ટ્ર' ને પણ પ્રભાવિત કર્યું અને નેપાળમાં તો સામ્યવાદી શાસન આવ્યું પણ ખરું. પશ્ચિમ બંગાળ પર વર્ષો સુધી સામ્યવાદીઓએ રાજ કર્યું. ચીન અને ભારતે 'કોમન મિનિયમ પ્રોગ્રામ' બનાવી એશિયાનાં બે મહાન રાષ્ટ્રો તરીકે સાથે સાથે વિકસવાનો રાહ અપનાવ્યો હોત તો દુનિયામાં અમેરિકા કરતાં એશિયાનો ડંકો વાગતો હોત. બેઉ પાસે વિશ્વની સૌથી વધુ વસતિ હતી. ગરીબીને અતિક્રમી શકવા માટેનું મનોબળ પણ હતું અને બુદ્ધના પંચશીલનો કે હ્યુ એન સાંગનો સાંસ્કૃતિક સેતુ પણ હતો. પરંતુ એ શક્ય ન બન્યું અને 'પહલો મિત્ર કે પહેલો સગો પાડોશી' ની વ્યાખ્યાને બદલે બે વચ્ચે દુશ્મનાવટની ખાઈ સતત વધતી ગઈ જે જે મોદી જેવા વિચક્ષણ અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના આત્મસાત્ કરી ભારતને વૈશ્વિક ઓળખ અપાવનારા નેતાની ઉદાત્ત આતિથ્ય ઘટના પછી પણ પુરાઈ થી. સાબરમતી રિવર ફ્રંટ પર ઝૂલે ઝૂલતા શી-જિન-પિંગની સેનાએ ગલવાન ઘાટીમાં જે કારસા કર્યા તે ફરી એકવાર નહેરુ-ચાઉએનલાઈ કાળની આભાસી દોસ્તીનું જ સ્મરણ કરાવે છે. જો કે ભારતે એના જ એક અંગભૂત પ્રદેસને અલગ રાષ્ટ્ર તરીકે વિકસવવા દઈ ચીનને ખોળે બેસી જવા દીધું એ પણ આપણા રાષ્ટ્રીય રાજપુરુષોની અક્ષમ્ય ઉદારતાને કારણે જ શક્યું બન્યું છે. આજે પાકિસ્તાનનો દરજ્જો તોડવા આગળ કરાતા હાથીની જેમ ચીન ભારત વિરુદ્ધ ઉપયોગ કરી રહ્યુ છે. ઓલિમ્પિક ખેલોમાં આવા રાજકીય મતભેદો વિસરાઈ જવા જોઈતા હતા પણ અમેરિકા - કેનેડા અને યુરોપીય રાષ્ટ્રોની પંગતમાં બેસવું એ ભારતની ઐતિહાસિક મજબૂરી બની રહેલ છે. વિશ્વ અત્યારે બે ટુકડાઓમાં વહેંચાઈ ગયું છે. ભારત એની સરહદો પર વસેલા દેશોની દુશ્મનાવટનો ભોગ બની રહ્યું છે. સંકેતો સારા ન જ ગણાય.

દાંતની સારવારનો નવો આયામ Single Visit Dentistry

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા

મિત્રો આપ સૌ દાંતની સારવાર કરાવવા ડેન્ટિસ્ટ પાસે તો અવશ્ય ગયા હશો જ. આપ સૌ દાંતની માપ લેવાની પદ્ધતિથી પણ માહિતગાર હશો.

જયારે પણ કોઈ વ્યક્તિનાં દાંતમાં સડો થયો હતો, તો ડેન્ટિસ્ટ મૂળિયાની સારવાર કર્યા બાદ, જે તે દાંતની કેપ (ક્રાઉન) કરાવવાની સલાહ આપે છે. ક્રાઉન સિવાય પડી ગયેલ દાંતની જગ્યાએ, નવો દાંત બેસાડવા અથવા ચોકઠું બેસાડવા, વાંકાચૂંકા દાંતની સારવાર કરાવતા પહેલાં; આ દરેક પ્રક્રિયાઓમાં કોઈકને કોઈક તબક્કે તો દાંતનું / મોઢાનું માપ આપવું પડે છે. આ માપ એ સામાન્ય રીતે જે મરીરીયલમાં લેવામાં આવે છે,એ પોચું, રંગ / સુગંધ ધરાવતું મટીરીયલ હોય છે, જેની મદદથી કાસ્ટ (રેપ્લિકા), ઊભી કરવામાં આવે છે... આ કાસ્ટ એ પ્લાસ્ટર ઓફ પેરિસની બનેલી હોવાથી બનાવવાની પ્રક્રિયા કરવામાં આવે છે.

દાંતનું માપ લેવાની આ પ્રક્રિયા સર્વ સામાન્ય છે, પરંતુ ઘણી વાર કેટલાક દર્દીઓ ને માપ લેવામાં આવતા આ મટીરીયલથી તકલીફ થતી જોવા મળે છે; ઘણા દર્દીઓને ઊબકા / ઊલટી જેવી પણ તકલીફ જોવા મળે છે.

તદુપરાંત આ પ્રકારનાં માપ ને લીધા બાદ તેમની જાળવણી / કાળજી પણ એટલી જ મહત્ત્વની છે. તેમાંથી તુરંત જ કાસ્ટ બનાવવી આવશ્યક છે, નહીં તો તેમાં માપમાં સૂક્ષ્મ સ્તરે ફેરફાર આવવાની શક્યતાઓ રહેલ છે.

વળી પ્લાસ્ટર કાસ્ટ બની ગયા બાદ પણ તેની સાચવણી અગત્યની છે, નહીં તો એ તૂટવાની શક્યતા રહેલી છે. તેનાથી પણ દાંતના માપમાં ફેરફાર આવી શકે છે. જે સરવાળે બનતા ક્રાઉન / ચોકઠાનાં માપ પર ફર્ક પડી શકે છે.

પરંતુ હવે દાંતનું માપ લેવાની નવી પદ્ધતિ અમલમાં આવી છે જેમાં સ્નેકર મશીનની મદદથી દાંતનું તથા મોઢાનું માપ લેવામાં આવે છે. આપ સૌ CAD/CAM (કોમ્પ્યુટર આસિસ્ટીંગ ડીઝાઈનીંગ / કોમ્પ્યુટર આસિસ્ટીંગ મેન્યુફેક્ચરીંગ)થી માહિતગાર હશો જ. જે આજકાલ જીવનનાં દરેક તબક્કામાં ઉપયોગમાં આવે છે. આ પદ્ધતિથી જ સ્નેકર કામ કરે છે, જે મોઢામાં દરેક દાંતને થ્રી ડાયનેમિક ચિત્ર બનાવે છે, જે કોમ્પ્યુટરની સ્ક્રીન પર પણ જોઈ શકાય છે. તે અતિ સૂક્ષ્મ એવી માહિતી પણ રેકોર્ડ કરી શકે છે. જેનાથી ભૂલ રહેવાની શક્યતાઓ નહિવત રહે છે. આ થ્રી ડાયનેમિક ચિત્ર એ CAM ટેકનોલોજીની મદદથી થ્રીડી પ્રીન્ટ કાઢવામાં આવે છે. જેની મદદથી મોડેલ તૈયાર કરવામાં આવે છે. જેની ઉપર ક્રાઉન બનાવી શકાય છે. આનો એક ફાયદો એ પણ રહે છે કે પ્લાસ્ટર વગેરેનાં કારણે ઉત્પન્ન થતો કચરો વગેરે ઘટાડી શકાય છે.

હવે તો આપણે એક જ સીટીંગમાં બનાવી શકાય છે. જો મીલીંગ મશીન (કેપ બનાવવાનું મશીન) ઉપલબ્ધ હોય તો ખૂબ જ ઓછા સમયમાં દર્દીને ક્રાઉન લગાડીને મોકલી શકાય છે.

હવે તો સ્નેકરની મદદથી માપ લીધાનાં તુરંત જ બાદ કેપને જાતે જ ડીઝાઈન કરી શકાય છે. આ કેપ ડીઝાઈન કરી શકાય છે, અને મીલીંગ મશીનમાં દાંત ૨૫ થી ૩૦ મિનિટનાં સમયમાં બની જાય છે. સ્માઈલ ડીઝાઈન ટેકનિકની મદદથી દર્દીઓને ગણતરીની મિનિટોમાં જ કેપ (ક્રાઉન) ની ડીઝાઈનથી વાકેફ પણ કરી શકાય છે.

સ્નેકર અને મીલીંગ મશીનનાં સંયુક્ત ઉપયોગથી સારી ગુણવત્તા, યોગ્ય માપ, ધરાવતું ક્રાઉન / બ્રીજ દર્દીની સામે જ બનાવી શકાય છે. એક જ સીટીંગમાં ક્રાઉન બની જતો હોવાથી દર્દીનો તથા ડૉક્ટરનો કિંમતી સમય પણ બચાવી શકાય છે અને સામાન્ય રીતે તતી દરેક સમસ્યાઓનો ઉકેલ પણ મેળવી શકાય છે.

Team Sharddhadeep

ગાંધીજી અને મહાદેવભાઈ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દરેક વર્ષની ત્રીસમી જાન્યુઆરીએ બાપુ સાથે જ મહાદેવ દેસાઈની સ્મૃતિ થાય છે. 'મહાદેવ વહેલા ગયા' કોઈએ કહ્યું. બાપુ આ વાત સાથે સંમત ન થયા. તેમણે કહ્યું : 'મહાદેવનું કામ પૂરું થઈ ચૂક્યું હતું. તેમણે પચાસ વર્ષમાં સો વર્ષનું કામ કર્યું હતું. તે વધુ વખત શા માટે રહે?' બાપુની આ વાતનો પડઘો ગુરુદેવ ટાગોરની પંક્તિઓમાં સંભળાય છે. મૂળ બંગાળીમાં લખાયેલું ગીત મહાદેવભાઈએ ગુજરાતીમાં ભાવાનુવાદ કરી લખ્યું છે. જીવનમાં જે પ્રયાસો થાય, ઉપાસના કે તપ થાય તેનું કદાચ આખરી પરિણામ નજરે ન પણ આવે છતાં એ પ્રયાસો કદી નિષ્ફળ જતા નથી. નિષ્ઠાથી થયેલા આવા પ્રયાસ કદી વ્યર્થ જતા નથી. આવો ભાવ આ સુંદર પંક્તિઓમાં છે.

જીવને જે પૂજા પુરી ન થાયે.
જાણું હું જાણું તે યે વ્યર્થ ન જાયે.
જે કળી ખીલ્યા વિણ ઝરે છે ધરણીએ
જે નદી મરુસ્થળે ખોવાઈ જાયે.
જાણું હું જાણું તે યે વ્યર્થ ન જાયે.

૧૮૯૨ની પહેલી જાન્યુઆરીએ આ ધરતી પર પ્રથમ શ્વાસ લેનાર ગાંધીજીના સચિવ મહાદેવભાઈ દેસાઈનું વિશેષ સ્મરણ જનયુઆરીમાં થાય તે સ્વાભાવિક છે. મહાદેવભાઈની ગાંધી તરફની આજીવન નિષ્ઠા એ તેમને ગાંધીજીના અન્ય સાથીઓથી જુદો પાડે છે. પોતાના વ્યક્તિત્વને ગાંધીના વ્યક્તિત્વમાં પૂર્ણ વિલીનીકરણ કરનાર મહાદેવભાઈ ગાંધીયુગના એક અદ્વિતીય સિતારા સમાન છે.

મહાદેવભાઈએ તેમના પિતા હરિભાઈ પાસેથી જીવનભાથું બાંધ્યું હતું. માતાનો દેહાંત થતા પિતા હરિભાઈએ બાળકને માતાપિતાનો પ્યાર આપ્યો હતો. હરિભાઈએ પ્રાથમિક શાળામાં શિક્ષક અને ગણિત રસપૂર્વક ભણાવવામાં હંમેશા તત્પર રહેતા હતા. એક પ્રાથમિક શાળાના શિક્ષકને પોતે આપેલી કેળવણી ઉપર કેવો ભરોસો હતો તેની વાત નારાયણ દેસાઈએ લખેલા એક વાસ્તવિક દ્રષ્ટાંત પરથી સ્પષ્ટ થાય છે. સુરત જિલ્લાના વાલોડમાં હરિભાઈ પાસે ગણિત શીખ્યો હતો તેવો એક વિદ્યાર્થી તે વખતે લેવામાં આવતી ફાઈનલ પરીક્ષામાં ગણિતમાં નાપાસ થયો. શિક્ષક હરિભાઈ મળ્યા ત્યારે તે વિદ્યાર્થીએ આ સમાચાર તેમને આપ્યા. હરિભાઈ આ સમાચાર સાંભળીને વિચારમાં પડી ગયા. ત્યારબાદ સ્વગત બોલતા હોય તેમ ધીરેથી કહે છે: 'મારી પાસે ભણેલો વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય નહિ.' શિક્ષક હરિભાઈએ જાતે ફી ભરીને પેલા વિદ્યાર્થીનું પેપર ફરી ચેક કરાવ્યું. આથી ચકાસણી થતા ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થી ગણિતમાં પાસ થયો હતો પરંતુ કોઈ ભૂલ થતા તેને નાપાસ જાહેર કરવામાં આવ્યો હતો. કેવો આત્મ-વિશ્વાસ ! હરિભાઈ જેવા અનેક શિક્ષકોની નિષ્ઠાને કારણે જ શિક્ષણના આ વ્યવસાયને એક આગવી પ્રતિષ્ઠા અને સામાજિક સ્વીકૃતિ મળ્યા હશે. આજે તો શિક્ષણના મહદંશે થયેલા વ્યાપારીકરણને કારણે આ સ્થિતિ જોવા મળતી નથી તે એક અકળાવનારી વાસ્તવિકતા છે. મહાદેવભાઈના પિતાની સાથે જ મહાદેવ પર જેની અસર પડી હતી તેવા તેના પિતરાઈભાઈ છોટુભાઈને યાદ કરવા જોઈએ. સ્વામી આનંદે છોટુભાઈની કથા 'મહાદેવથી મોટેરા' કહીને ખુબજ સુંદર રીતે લખી છે. નીડર તથા તોફાની ગણાય તેવા છોટુભાઈ આદિવાસીઓમાં 'સોટુકાકા' તરીકે લોકપ્રિય હતા. આદિવાસીઓની સેવા માટે છોટુભાઈએ આજીવન ભેખ લીધો હતો. મહાદેવભાઈની ચીર વિદાયની ઊંડી અસર છોટુભાઈ પર થઈ હતી. આમ છતાં પોતાની વિનોદી શૈલીમાં મહાદેવની વાતો કરી તેઓ મહાદેવભાઈના અર્ધાંગના દુર્ગાબહેનનો શોક ઓછો કરવાના પ્રયત્નમાં રહેતા હતા.

મહાદેવ ભણવામાં ખુબ હોશિયાર એટલે તેમને પ્રાથમિક શાળામાં આગળ ભણવા જૂનાગઢ મોકલવાનું નક્કી થયું. મહાદેવના એક કાકા જૂનાગઢ નોકરી કરે તેથી ત્યાં મોકલવાનો વિચાર થયો. આજે ઘોઘા-દહેજ તથા ઘોઘા-હજીરા રો-રો સર્વિસની વાત આંખ સામે જોઈ શકીએ છીએ. યાંત્રિક સાધનસામગ્રી તથા ટેક્નોલોજીના વિકાસને કારણે આ સર્વિસ ઝડપી તથા આરામદાયક પણ બની છે. પરંતુ આ સેવાનું મૂળ સ્વરૂપ આજથી સવાસો વર્ષ પહેલાની આ કથામાં જોવા મળે છે. મહાદેવના વતનથી દાંડી બંદર નજીક થતું. આ બંદર પરથી છેક ઘોઘા(ભાવનગર) સુધી મુસાફરો લાવવા-લઈ જવાનું કામ એક મછવો કરતો હતો. આથી બંને ભાઈઓ-મહાદેવ તેમજ છોટુભાઈ- કાકી સાથે ઘોઘા થઈ ભાવનગર જવા દાંડીથી નીકળ્યા. ભાવનગરથી જૂનાગઢ અભ્યાસ માટે જવાનું હતું. મછવામાં મુસાફરી દરમ્યાન ખાવા માટે ભાતું તેમજ પીવાનું પાણી લેવું પડે. દસથી અગિયાર વર્ષની ઉંમરના મહાદેવની આ જીવનની પહેલી મુસાફરી હતી. મછવામાં આખી રાત મુસાફરી કરી બીજા દિવસે સવારે ઘોઘા પહોંચી શકાતું હતું. જો કે પવનની પ્રતિકૂળતાને કારણે આ મુસાફરી બીજા દિવસે સવારે પુરી થવાના બદલે છેક સાંજે પુરી થઈ. બારેક કલાકના આ વિલંબમાં ખોરાક વગર તો ચલાવવું થોડું સરળ ગણાય પરંતુ પૂરતા પાણીના અભાવમાં દિવસ કાઢવાનું કામ મુશ્કેલ હતું. બંને કિશોરભાઈઓના જીવનનો આ પહેલો પરંતુ અઘરો ટેસ્ટ હતો. આજના સંદર્ભમાં આવી વ્યવસ્થા અને આટલો સમય એ વિસ્મયકારક લાગે એ સ્વાભાવિક છે. પરંતુ આવી તમામ ભૌતિક અસુવિધાઓ વચ્ચે પણ મહાદેવ-છોટુભાઈ જેવા દિગ્ગજ વ્યક્તિઓનું ઘડતર થતું હતું.

બાપુના સમગ્ર જીવન તેમજ પ્રવૃતિઓના એક અભિન્ન અંગ સમાન મહાદેવ હતા. મહાદેવભાઈના યોગદાન સિવાયનું મહાત્મા ગાંધીજીનું જીવન કલ્પી પણ શકાતું નથી. આથી જ મહાદેવભાઈ ગયા ત્યારે રાજાજીએ લખેલું કે 'બાપુ અનાથ થઈ ગયા.' જગતના સૌ લોકોની સ્મૃતિમાં બાપુ સાથે જ મહાદેવભાઈ રહેવાના છે. મહાદેવભાઈ માટે વિનોબાજીએ લખેલા શબ્દો મહાદેવની સિદ્ધિ સમજવામાં ઉપયોગી થાય તેવા અર્થસભર છે. વિનોબાજી લખે છે: ' લક્ષ્મણ વિના રામનું કામ થાત જ નહિ. આ સમજીને જ રામ લક્ષ્મણને પોતાની સાથે લઈ ગયા હતા. તુલસીદાસે લખ્યું છે તેમ રામના યશના ઝંડા માટે લક્ષ્મણ દંડ સમાન બની રહ્યા. મહાદેવભાઈની પણ આવી જ યોગ્યતા હતી તેમ કહી શકાય.'

વડનગર : વિસ્મયભરી વિરાસત...

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

દરેક નગરની એક ઓળખ હોય છે.એનો ઈતિહાસ હોય છે.સમય સાથે ટકી રહેવાની ખુમારી હોય છે.વડનગર એક એવું શહેર છે જે અનેક તડકીછાંયડીના ઉતારચઢાવ પછી પણ આજે અડીખમ ઉભું છે.પોતાની ઐતિહાસિક ધરોહર અને પેટાળમાં અનેક અચરજો ભરીને બેઠું છે આ નગર.એની પાસે ભવ્ય અને ભાતીગળ વારસો છે.એક જમાનામાં ઉત્તર ગુજરાતનો આખો વિસ્તાર 'આનર્ત પ્રદેશ,' તરીકે ઓળખાતો હતો... રાજકીય રીતે અત્યંત શકિતશાળી એ પ્રદેશની રાજધાની વડનગર હતું..

આ નગરનાં અનેક નામો ઈતિહાસના ચોપડે નોંધાયાં છે.એની એક રસપ્રદ યાદી છે. વડનગર, વૃદ્ધનગર, આનંદપુર,આનર્તપુર, ચમત્કારપુર.

કોઈ શહેરનાં આટલાં નામ નહીં હોય ! ચીની મુસાફર હયુ એન સંગ સાતમી સદીમાં ભારતના પ્રવાસે આવેલા.એ વખતે હર્ષ વર્ધન સમ્રાટ હતો આખા ભારતનો..ચીની યાત્રિકે પ્રાચીન વડનગરની મુલાકાત કરી હતી..નગરની ફરતે કોટ,સુંદર અને કલાત્મક દરવાજાઓ,અને એકથી એક ચઢિયાતાં તળાવો વચ્ચે સુશોભિત એવું વડનગર ભવ્ય હતું.એણે વર્ણન કરેલ બુદ્ધ મઠ પૈકીનો એક આખેઆખો પુરાતત્વ વિભાગે ખોદકામ કરી શોધી કાઢયો છે... આ પુરાતન નજરાણું આજેપણ વડનગરનું આકર્ષણ છે.

વડનગર એ નાગરો માટેનું આધ્યસ્થાન ગણાય છે. હાટકેશ્વર મહાદેવ એ એમના ઈષ્ટદેવ છે.પ્રાચીન શિવાલય એની સાક્ષી બનીને ઉભું છે.વડનગરની ફરતે આજેપણ પુરાતન અવશેષો જેવા કોટ એ સમયની ભવ્ય ઝાંખી કરાવતા અવશેષરૂપે ઉભા છે.પુરાતન દરવાજાઓ નદીઓળ દરવાજો, ગાસકોળ દરવાજો, અરજણબારી દરવાજો, પીઠોરી દરવાજો આજે પણ સમયની થપાટો ખાઈને અડીખમ ટકી રહ્યા છે. ઈ.સ. ૧૧૫૨માં સોલંકી રાજા કુમારપાળે વડનગર ફરતે કોટ બંધાવ્યો હતો... જેને છ દરવાજાઓ હતા.અરજુનબારી દરવાજા ઉપર એનો શિલાલેખ છે.

ગુજરાતની ઓળખ એટલે વડનગરનું કીર્તિતોરણ. વડનગરની ઉત્તરે ભવ્ય કિર્તીસ્તંભ ઉભેલા છે.લાલ અને પીળા પથ્થરોમાં એ સમયની ભવ્ય કોતરણી પામેલા ચાલીસ ફૂટ ઉંચા આ કિર્તીસ્તંભો પાઠયપુસ્તકો સહિત અનેક જગ્યાએ આપણે જોયા છે.ગુજરાતની પ્રાચીન શિલ્પકળા કેટલી ભવ્ય હતી એ જોવું હોય તો વડનગરનાં આ બંને તોરણો અચૂક જોવાં જોઈએ..પાટણના સોલંકી રાજાઓ જથારે વિજયપતાકા ફરમાવતા ત્યારે આવા ભવ્ય શિલ્પોનું નિર્માણ કરતા... આ તોરણ શૈલીનો રીતે સિધ્ધપુરના રૂદ્રમાળ સાથે સામ્ય ધરાવે છે.

શર્મિષ્ઠા તળાવ એ વડનગરની વચ્ચે આકાર પામેલું ભવ્ય તળાવ છે.અબુલ ફઝલ નામનો ઈતિહાસકાર 'આઈને અકબરી' ગ્રંથમાં નોંધે છે 'આ નગરમાં નાનાંમોટાં ૩૦૦ જેટલાં તળાવો હતાં.૩૬૦ મંદિરો,૩૬૦ કૂવા,અને શર્મિષ્ઠા તળાવને ૩૬૦ પગથિયાં હતાં. આજેપણ વડનગરમાં ૭૫ જેટલાં તળાવો,૨૦૦ જેટલા કૂવા અને શર્મિષ્ઠા તળાવનાં ૧૦૦ જેટલાં પગથિયાં એ ભવ્ય વિરાસતની યાદ અપાવે છે.શર્મિષ્ઠા એ સમેળા તળાવ તરીકે ઈતિહાસમાં જાણીતું છે.સોમ વંશના રાજા અને એની રાજકુમારી સાથે એની વાતો જોડાયેલી છે. સમેળાનું લોકગીત પણ પ્રચલિત છે.જેમાં આ તળાવ માટે કોઈ મહિલાએ બલિદાન આપ્યું હતું એ ભાવને ગીતમાં વણી લેવાયો છે.

સંગીત અને વડનગરને પણ એક અણમોલ નાતો છે.ગુજરાતમાં ગાયન વાદન ક્ષેત્રે જાણીતી તાના અને રીરી નામની નાગર કન્યાઓ અને એના બલિદાનની કથા જાણીતી છે.આ બંને બહેનો વડનગરની શાસ્ત્રીય ગાયિકાઓ હતી જેણે દીપક રાગથી દાહ પામેલા તાનસેન માટે મલ્હાર રાગ આલાપી એને પીડામુકત કરેલો.એ પછી બાદશાહના ફરમાન સામે પોતાની ઈજ્જત બચાવવા એમણે સતી થઈ અમરત્વ પ્રાપ્ત કર્યું છે..તાનારીરીની યાદમાં દર વરસે વડનગરમાં ભવ્ય સંગીત મહોત્સવ થાય છે... એમના નામથી ગાયકોને એવોર્ડ પણ અપાય છે.

વડનગર અનેક મહાપુરૂષોની ભૂમિ રહયું છે.બીજી સદીમાં મંકણ નામે મહાકવિ થયેલો જેણે વડનગરને ચમત્કારપુરમ્ નામ આપેલું. બીજા એક વિદ્વાન પ્રભાવદત્ત પણ એમનાં ભાષ્યો માટે જાણીતા છે.ભદ્રબાહુસ્વામી જૈન તપસ્વી હતા જેમણે ઘણા જૈન ગ્રંથો રચ્યા છે.અગિયારમી સદીમાં થયેલો ઉવટ વેદોનો નિષ્ણાત હતો.સોલ નામે પુરોહિત જાણીતા છે.ભીમદેવ બીજાનો રાજપુરોહિત સોમેશ્વરદેવ વડનગરનો હતો. કૃષ્ણલીલાનાં અદ્ભૂત પદો રચનાર યદુરામ મહારાજ અને કવિયત્રી કૃષ્ણાબાઈ કે જેણે બાલકૃષ્ણ માટે અદ્ભૂત હાલરડાં લખ્યાં છે એ પણ આ ધરતીમાં અવતરેલી પ્રતિભાઓ છે..આ યાદી ઘણી લાંબી છે.જે આધુનિક ઋષિ જેવા ડૉ.વસંત પરીખ અને ડૉ.દ્વારકાદાશ જોશીની કર્મભૂમિ અને આધુનિક ભારતના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી જેવા અનેક રત્નો સુધી વિસ્તરે છે.

વડનગર હવે પોતાની ભવ્ય વિરાસતના વારસા સાથે આધુનિક કદમ ભરતું એક અતિ ભવ્ય પ્રવાસન સ્થળ તરીકે આકાર પામી રહયું છે..આધુનિક સુખસગવડો,સુવિધાઓ,તોરણ હોટલ ,તાનારીરી પરિસર, ઉત્ખનન સાઈટો,પ્રવાસન આકર્